# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

એ-૩, જિલ્લાસેવાસદન-૨, અઠવાલાઇન્સ, સુરત

**Phone No: (0261) 2662902. Email**suratdeo@gmail.com. *Web – deosurat.org*


જા.નં.મા-૨/૨૦૨૬/10569

તા.5/૦૮/૨૦૨૬

પ્રતિ,

આચાર્યશ્રી,

સરકારી, અનુદાનિત તથા સ્વનિર્ભર પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,

સુરત. જિ.સુરત.

વિષય: ઇન્ડિયન સાયન્સ અને સાયબર ઓલિમ્પિયાડ–૨૦૨૭ અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કરી વધુમાં વધુ વિદ્યાર્થીઓને ભાગ લેવા પ્રોત્સાહિત કરવા બાબત.

સંદર્ભ: ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર તથા શ્રી બલવંત પારેખ વિજ્ઞાનનગરી, ભાવનગર દ્વારા આયોજિત ઓલિમ્પિયાડ અંગે પ્રાપ્ત માહિતી.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન, ટેક્નોલોજી, તર્કશક્તિ, સર્જનાત્મકતા તથા સ્પર્ધાત્મક પરીક્ષાઓ પ્રત્યે રસ અને જાગૃતિ કેળવવાના હેતુથી ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર તથા શ્રી બલવંત પારેખ વિજ્ઞાનનગરી, ભાવનગર દ્વારા *"ઇન્ડિયન સાયન્સ અને સાયબર ઓલિમ્પિયાડ–૨૦૨૭" નું આયોજન કરવામાં આવ્યું છે. આ ઓલિમ્પિયાડ વિદ્યાર્થીઓને પોતાની શૈક્ષણિક ક્ષમતાનું મૂલ્યાંકન કરવાની તેમજ ભવિષ્યની વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે સજ્જ બનવાની ઉત્તમ તક પૂરી પાડે છે.

આ ઓલિમ્પિયાડ અંતર્ગત ધોરણ ૪ થી ૧૦ સુધીના વિદ્યાર્થીઓ માટે વિજ્ઞાન અને પર્યાવરણ આધારિત પરીક્ષા તેમજ ધોરણ ૫ થી કોલેજ કક્ષાના વિદ્યાર્થીઓ માટે સાયબર ઓલિમ્પિયાડનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રશ્નપત્ર ગુજરાતી તથા અંગ્રેજી ભાષામાં MCQ આધારિત રહેશે. દરેક સહભાગી વિદ્યાર્થીને પ્રમાણપત્ર આપવામાં આવશે તેમજ વિજેતાઓ માટે કુલ રૂ. ૨.૫ લાખના ઇનામોની જોગવાઈ કરવામાં આવી છે.

આથી આપને વિનંતી કરવામાં આવે છે કે આપની શાળાના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા વાલીઓ સુધી આ ઓલિમ્પિયાડ અંગેની માહિતી અસરકારક રીતે પહોંચાડશો. શાળાની પ્રાર્થના સભા, વર્ગખંડ, વાલી મંડળ તથા શાળાના વિવિધ સંચાર માધ્યમો દ્વારા આ અંગે જાગૃતિ ફેલાવશો તેમજ રસ ધરાવતા વિદ્યાર્થીઓને નોંધણી પ્રક્રિયામાં જરૂરી માર્ગદર્શન આપશો.

વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ, ડિજિટલ જ્ઞાન, તર્કબુદ્ધિ અને સ્પર્ધાત્મક ભાવના વિકસે તે માટે આ પ્રકારની પ્રવૃત્તિઓ અત્યંત ઉપયોગી છે. તેથી આપની શાળામાંથી શક્ય તેટલા વધુ વિદ્યાર્થીઓ આ ઓલિમ્પિયાડમાં નોંધણી કરાવી ઉત્સાહપૂર્વક ભાગ લે તે માટે જરૂરી તમામ પ્રયત્નો કરવા વિનંતી કરવામાં આવે છે.

ઓલિમ્પિયાડ સંબંધિત નોંધણી, ફી, સંપર્ક નંબર તથા અન્ય વિગતો સંલગ્ન પોસ્ટરમાં દર્શાવેલ છે.

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત, જિ.સુરત

બિડાણ: સંલગ્ન પોસ્ટર

Children's Research University
Every Child matters
सत्यम् ऋतम् बृहत्

Shri Balvant Parekh
SCIENCE CITY
Bhavnagar
Come • Explore • Share

## ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર અને શ્રી બળવંત પારેખ વિજ્ઞાનનગરી, ભાવનગર દ્વારા આયોજિત

# ઇન્ડિયન સાયન્સ અને સાયબર ઓલિમ્પિયાડ

શાળા, બોર્ડ તથા સરકારી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે સજ્જ બનો!



વિદ્યાર્થીઓ વ્યક્તિગત કે શાળા થકી રજીસ્ટ્રેશન કરી શકે છે.

**રજીસ્ટ્રેશન માટે**

આજે જ સંપર્ક કરો!

94 26 22 01 26
87 99 17 92 33

www.sciencecity.co.in
sciencecity.bhavnagar@gmail.com

**ધોરણ 4 થી 10 માટે**

ઇન્ડિયન સાયન્સ ઓલિમ્પિયાડ
ISO

વિજ્ઞાન અને પર્યાવરણ વિષયોનો સમાવેશ

ગુજરાતી અથવા અંગ્રેજી ભાષામાં MCQ આધારિત પ્રશ્નો

વિજેતાઓને 2.5 લાખના ઇનામો!

**ધોરણ 5 થી કોલેજ માટે**

ઇન્ડિયન સાયબર ઓલિમ્પિયાડ
ICO

ગણિત, લૉજિક, કમ્પ્યુટર - ટેક્નોલૉજી અને અંગ્રેજી વિષયોનો સમાવેશ

ભાગ લેનાર દરેક વિદ્યાર્થીને સર્ટિફિકેટ

**પ્રવેશ ફી**

₹ 100

ઓલિમ્પિયાડની તૈયારી કરવા માટેની પુસ્તિકા સમાવિષ્ટ

વેબસાઇટ માટે
QR કોડ

**સહયોગી સંસ્થા**

GUJARAT SCIENCE ACADEMY
Estd. 1978 | Regn. F 659, Ahmedabad
॥ विज्ञानसारथिर्जयति ॥
"Science Chariots to Victory."
An organization to promote Science & Technology in Gujarat

KM
KIRIT MODI FAMILY OFFICE

Poster-Olympiad-2027-ENG-GUJ
Friday, 17 July, 2026 02:57:13 Afternoon

Children's Research University
Every Child matters
सत्यम् ऋतम् बृहत्

Shri Balvant Parekh
SCIENCE CITY
Bhavnagar
Come • Explore • Share



Children's Research University, Gandhinagar & Shri Balvant Parekh Science City, Bhavnagar Proudly Present

# INDIAN SCIENCE & CYBER OLYMPIAD

Prepare for Academic & Government Competitive Success!

**Students can Register Individually or through their School.**

**To Register**

**Contact us today!**

**94 26 22 01 26**
**87 99 17 92 33**
www.sciencecity.co.in
sciencecity.bhavnagar@gmail.com

**Fee**
**₹ 100**
Olympiad preparation booklet included

For Website
QR Code

## For Class 4 to 10
INDIAN SCIENCE OLYMPIAD
**iso**
Includes subjects like Science & Environment

## For Class 5 to College
INDIAN CYBER OLYMPIAD
**ico**
Includes subjects like Math, Logic, Computer - Technology & English

MCQ based Questions in Gujarati & English

**Prizes Worth 2.5 lakh for the Winners!**

Participation Certificate for every student

**Collaboration**

GUJARAT SCIENCE ACADEMY
Estd. 1978 | Regn. F 659, Ahmedabad
॥ विज्ञानसारथिर्जयति ॥
"Science Chariots to Victory."
An organization to promote Science & Technology in Gujarat

KM
KIRIT MODI FAMILY OFFICE

Poster-Olympiad-2027-ENG-GUJ
Friday, 17 July, 2026 02:57:13 Afternoon